ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/ ૧૦૦૧૫
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા.૯/૯/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.
**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**
- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

**પરીપત્ર**
**ખૂબ જ અગત્યનું / સમય મર્યાદિત**
**ફક્ત વડોદરા શહેરની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે જ**

# જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)ની કચેરી,


ગ્રાઉન્ડ ફ્લોર પૂજ્ય રવિશંકર મહારાજ, સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.), તરસાલી,
શ્રી પૃષ્ટી પ્રાથમિક શાળાની બાજુમાં, ધનીયાવી ચોકડી નજીક,
તરસાલી બાયપાસ, વડોદરા, પીનકોડ:-૩૯૦૦૦૯

ફોન નં.૦૨૬૫-૨૪૨૬૬૨૨ કાર્ડેક્ષ નં.૧૪ ઈ-મેલ:-dydir-ddcw-vad@gujarat.gov.in


જિનાની/વિજા/જાપ્ર/૨૦૨૬-૨૭/1270 તા. 08-07-૨૦૨૬

પ્રતિ, આચાર્યશ્રી

.....................................

.................................તમામ માધ્યમીક શાળાઓ વડોદરા શહેર.

વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માં વડોદરા શહેરની તમામ શાળાઓમાં ધોરણ ૯, ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવા બાબત.

આથી વડોદરા શહેરની ગુજરાત બોર્ડ અને સેન્ટ્રલ બોર્ડની તમામ શાળાઓના આચાર્યશ્રીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવા અંગેની સૂચનાઓ નીચે મુજબ છે.

૧. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૦/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઈ પ્રમાણે ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ માં ધોરણ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવામા આવે છે, ચાલુ વર્ષે ધોરણ ૯ના વિધાર્થીઓને પણ જાતિ પ્રમાણપત્ર શાળા મારફત આપવાના હોવાથી ધોરણ ૯,૧૦ અને ૧૨માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુ.રા.ગાંધીનગર તરફથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સામેલ યાદી મુજબની ૧૪૬ જાતિઓ માટે જાતિ પ્રમાણપત્ર આપવા જણાવેલ છે.

૨. ગત વર્ષે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓ માટે જાતિ પ્રમાણપત્ર આપવાની કામગીરી તમામ શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ અને બિનશૈક્ષણિક કર્મચારીઓના સહકારથી કામગીરી પુર્ણ કરવામા આવેલ છે. સરકારશ્રીનો આ યોજના પાછળનો આશય એજ છે કે વિદ્યાર્થીના પિતા/વાલીએ કે વિદ્યાર્થીએ જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે વહીવટી તંત્ર ઉપર બોજ ન પડે તેમજ પ્રમાણપત્રની જરૂરીયાતના સમયે પ્રમાણપત્ર મળી રહે.

આયોજન મુજબ સમયમર્યાદામા તા.૩૦/૦૯/૨૦૨૬ સુધીમા પુરી કરવા તથા શાળા કક્ષાએ કરવામા આવેલ કામગીરી અંગેની માહિતી સમયાંતરે સરકારશ્રીમા રજૂ કરવાની હોઇ શાળાઓએ <u>તા.૩૧-૦૭-૨૦૨૬</u> સુધીમાં દરખાસ્તો ઉપરોક્ત કચેરીમાં સમયમર્યાદામા કામગીરી પૂર્ણ કરવા વડોદરા શહેરની તમામ શાળાઓના

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 8091
9/7/26
સહી.

E:\old e drive\desk top files2015\Offices\Varshaben\જાતિ પ્રમાણપત્ર પરિપત્ર ૨૬-૨૭.docx

Scanned with OKEN Scanner

આચાર્યશ્રીઓને ખાસ તાકીદ કરવામા આવે છે. અને જો તેમ નહી કરવામાં આવે તો તેની સઘળી જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે.

**શાળાઓએ દરખાસ્તો તૈયાર કરતી વખતે નીચેની સૂચના ખાસ ધ્યાને લેવા વિનંતી**

**( સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ )**

➩ અરજી પત્રક બાબતે

૧. નિયત અરજી પત્રક પરિશિષ્ટ-૧ વિદ્યાર્થી / તેના પિતા / વાલી પાસે તૈયાર કરાવવાનું છે. શક્ય છે કે ઘણા વાલીઓ આ અરજી પત્રક ભરવા સક્ષમ નહિ પણ હોય, આવા સંજોગોમાં શાળાના આચાર્યશ્રીઓને ખાસ વિનંતી છે કે તેમની શાળાના શિક્ષકો આ અરજી પત્રકો તૈયાર કરાવવામાં વિદ્યાર્થી/વાલીને માર્ગદર્શક બની રહે અને અરજી પત્રક ભરવામાં મદદરૂપ થાય એવી અપેક્ષા સેવવામાં આવે છે. શિક્ષકગણ પોતાના વિદ્યાર્થીઓનું હિત સારી રીતે સમજી શકે છે એટલા માટે જ આ કામગીરીમાં તેમનું માર્ગદર્શન અને મદદ બંને જરૂરી છે.

૨. અરજી પત્રકમાં તમામ કોલમો ભરવામાં આવે તેમાં પાનાં નં.-૨ ઉપર બાહેંધરીની નીચે અરજદાર એટલે કે વિદ્યાર્થિની પૂરી સહી થાય અને તેના પિતા/માતા/વાલીની સહી થાય તેમજ સ્થળ અને તારીખ દર્શાવવી જરૂરી છે.

૩. અરજી પત્રક સાથે વિદ્યાર્થી જે શાળામાં ભણતો હોય તે શાળાએ બોનાફાઇડ સર્ટી.માં વિદ્યાર્થીનું પૂરૂં નામ, જન્મ તારીખ, જન્મ સ્થળ, જનરલ રજીસ્ટર નંબર અને જનરલ રજીસ્ટર મુજબ જાતિ અને ધર્મ દર્શાવવાનો છે. તેમાં નીચે આચાર્યશ્રીના સહી અને સિક્કા તેમજ ઇસ્યુ કર્યા તારીખ હોવી જરૂરી છે.

૪. વિદ્યાર્થીઓના જાતિ અંગેના આધાર ઉપરાંત તેના પિતાના શાળા છોડયાના પ્રમાણપત્રમાં જાતિ સ્પષ્ટ થતી હોય તેવા શાળા છોડયાના પ્રમાણપત્ર અથવા જાતિ પુરવાર થતી હોય તેવા PROBATIVE VALUE ધરાવતા શાળાના આચાર્યાશ્રીએ પ્રમાણિત કરેલ આધારો / પુરાવાઓની નકલ રજૂ કરવાની છે. જો પિતાના પ્રમાણપત્રમાં જાતિ સ્પષ્ટ લખાયેલ ન હોય તો કાકા, દાદા, ફોઇ પૈકી કોઈપણ એકના ૦૧/૦૪/૧૯૭૮ પહેલા જાતિ સ્પષ્ટ લખેલ હોય તેવા શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અથવા તેમની જાતિ સ્પષ્ટ થતી હોય તેવા તા. ૦૧/૦૪/૧૯૭૮ પહેલાના જન્મ ધરાવતા દસ્તાવેજી પુરાવા રજૂ કરવાના રહેશે.

૫. અરજીપત્રક સાથે વિદ્યાર્થીના પિતા/દાદાવડોદરા જિલ્લામાં વસવાટ કરે છે તે અંગેના આધાર રૂપે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/લાઇટબીલ/વેરાબીલ/ટેલિફોન બિલ પૈકી કોઈપણ એકની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. (અરજીમાં દર્શાવેલ સરનામા મુજબ)

૬. અન્ય રાજયમાથી સ્થળાંતરીત ઉમેદવારના કિસ્સામાં તેમના પિતા/દાદા તા. ૦૧/૦૪/૧૯૭૮ કે તે પહેલાથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ કરતાં હોય તે અંગેના સરકારી રેકર્ડ આધારિત તા. ૦૧/૦૪/૧૯૭૮ પહેલાના કાયમી વસવાટના રેવન્યુ રેકર્ડ આધારિત પુરાવા રજૂ કરવાના રહેશે. અરજી પત્રક (પરિશિષ્ટ-૧) ના ક્રમ નં.-૭ માં તેમના વસવાટનું મૂળ રાજ્ય તેમજ ગુજરાતમાં કેટલા વખતથી વસવાટ કરે છે. તેની વિગતો રજૂ કરવાની રહે છે.વિદ્યાર્થીનો જન્મ વડોદરામાં થવાથી તેઓ મૂળ ગુજરાતનાં વતની બની જતાં નથી. તે જ રીતે અરજી પત્રકના ક્રમ નંબર ૬ માં અરજદારના પિતાનું જન્મ સ્થળ અને મૂળ વતન અવશ્ય દર્શાવવું.

૭. આ તમામ વિગતો અરજી પત્રક સાથે જોડાયેલી હોવી જરૂરી છે.**તે પૈકી ઝેરોક્ષ નકલો શાળાના આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત થયેલી હોવી જરૂરી છે.** અરજી પત્રકમાં ઉપર જમણી બાજુએ ફોટાની જગ્યા રાખેલ છે. ત્યાં વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝ નો તાજેતરનો પડાવેલ ફોટો લગાવવાનો છે અને તે ફોટા શાળાના આચાર્યશ્રીની સહી/સિક્કાથી પ્રમાણિત કરવાનો છે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો પ્રમાણપત્ર ઓનલાઇન આપવાનુ હોવાથી જાતિ પ્રમાણપત્ર તૈયાર કરવાના નથી.

E:\old e drive\desk top files2015\Offices\Varshaben\જાતિ પ્રમાણપત્ર પરિપત્ર ૨૬-૨૭.docx

Scanned with OKEN Scanner

૮. વડોદરા શહેરની તમામ શાળાઓની માહિતીની એક સુત્રતા જળવાઇ રહે તે માટે દરખાસ્ત પત્રક Wordમાં બનાવવા એક વિદ્યાર્થીની માહિતી Wordમાં એક જ લાઇનમાં શ્રુતિ(Shruti) ગુજરાતી ફોંટમાં તૈયાર કરવાની રહેશે. એક વિદ્યાર્થીની માહિતી માટે એકથી વધુ લાઇનનો ઉપયોગ કરવો નહીં. દરખાસ્ત પત્રકની સોફ્ટ કોપી સી.ડી. અથવા પેન ડ્રાઈવમાં તૈયાર કરીને લાવવાની રહેશે.

૯. વિદ્યાર્થીના બોનોફાઇડમાં અને પિતા/વાલીના રજૂ કરેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં અટક અલગ અલગ હોય ત્યારે બંને અટક અમો ધારણ કરીએ છીએ તેવું વિગતવાર સોગંદનામું ફરજિયાત લેવું.

૧૦. વિદ્યાર્થીના બોનોફાઇડમાં અને પિતા/વાલીના રજૂ કરેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં પિતા/વાલીનું નામ અલગ અલગ હોય ત્યારે નામફેર અંગેનું સરકારી ગેઝેટની નકલ મેળવવી ફરજિયાત છે.

૧૧. તમામ અરજી ફોર્મ ફાઇલમાં દરખાસ્તના ક્રમાનુસાર ગોઠવીને વ્યવસ્થિત ફાઇલ કરી ફાઇલ પર શાળાનું નામ, તૈયાર કરનાર કર્મચારીનું નામ અને મોબાઈલ નંબર દર્શાવવાનો રહેશે.

૧૨. જાતિના દાખલાની અરજી સાથે અરજદાર, પિતા તથા કાકા,દાદા,ફોઈની ઓરીજીનલ એલ.સી. રજુ કરવી.

<u>જાતિ પ્રમાણપત્ર તૈયાર કરવા બાબતે અગત્યની સૂચનાઓ</u>

**ક્રમ નં. ૧૪૦ કાયસ્થ અને ક્રમ નં.૧૪૪ રાજગોર જાતિના કિસ્સામાં અરજી પત્રક સાથે તેમના પિતાનો, વિદ્યાર્થીનો સમાવેશ પંચની સર્વે અંગેની યાદીમાં થયેલ હોય તે અંગેનું પ્રમાણપત્ર અન્ય પછાત વર્ગો માટેનું પંચ-** બંગલા નં.-૨૨૮-એ, ખ-ટાઈપ, સેક્ટર-૧૯ ગાંધીનગર ખાતેથી મેળવીને ઝેરોક્ષ રજૂ કરવાનું રહેશે. જો અન્ય પછાત વર્ગો માટેનું પંચનુ આવું પ્રમાણપત્ર ન હોય તો કાયસ્થ અને રાજગોરની દરખાસ્ત રજૂ કરવી નહીં.

<u>જાતિ પ્રમાણપત્ર દરખાસ્ત ફાઇલ બાબતે.</u>

આ રીતે તૈયાર કરેલ દરખાસ્તો પરિશિષ્ટ-૫ (પરિપત્ર સાથે રજૂ Excel ફાઇલમાં અને વિદ્યાર્થીના તાજેતરના ફોટા 50KB સોફ્ટ કોપીમાં અત્રેની કચેરીએ રજુ કરવાનું રહેશે) મુજબ સા.શૈ.પ.વ. જાતિની દરખાસ્તમાં દર્શાવેલ વિદ્યાર્થીના અરજી ફોર્મ ક્રમાનુસાર ગોઠવીને વ્યવસ્થિત રીતે ફાઇલિંગ કરીને ફાઇલ <u>આ કામગીરીના જાણકાર કર્મચારી સાથે કેમ્પમાં રૂબરૂ માં રજૂ કરવી</u>. જે શાળામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિનુ જાતિ પ્રમાણપત્ર મેળવવા પાત્ર એકપણ વિદ્યાર્થી ન હોય તે શાળાઓએ તાત્કાલીક નીલ-રિપોર્ટ આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્ર મેળવવા પાત્ર તમામ વિદ્યાર્થીઓના અરજી પત્રકો મેળવી લઈને તેમની દરખાસ્ત આ સાથે સામેલ પરિશિષ્ટ-૫ મુજબ એકંદર પત્રકમાં તૈયાર કરીને રજૂ કરવી. દરખાસ્તમાં **અંતે પ્રમાણપત્રની નીચે આચાર્યશ્રીના સહી / સિક્કા હોવા જરૂરી છે.** તેમાં ક્લાર્ક કે અન્ય કોઈ વ્યક્તિએ સહી કરવાની નથી.

**ચાલુ વર્ષે પણ આપનો સહકાર મળી રહેશે. આ અપેક્ષા સહ.**

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ ) વડોદરા

બીડાણ:પરિશિષ્ટ -૧, વયપત્રકના ઉતારાની નકલ, પુરાવા પત્રક

નકલ સવિનય રવાના

⇒ કલેકટરશ્રી વડોદરા,
⇒ જિલ્લા વિકાસ અધિકારીશ્રીવડોદરા,જિલ્લા પંચાયત ,
⇒ નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ સારૂ.
⇒ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ,વડોદરા

E:\old e drive\desk top files2015\Offices\Varshaben\જાતિ પ્રમાણપત્ર પરિપત્ર ૨૬-૨૭.docx

Scanned with OKEN Scanner

શાળાઓને સમયમર્યાદા મુજબ દરખાસ્તો તૈયાર કરવા તથા નક્કી કરેલ તારીખે પ્રમાણપત્રો વિદ્યાર્થીઓને આપવા સુચના આપવા વિનંતી તથા આપની કચેરીની વેબસાઈટ પર પરિપત્ર UPLOAD કરવા સારૂ .

નકલ રવાના :

- મામલતદારશ્રીઓ તમામ

(.દરખાસ્તો મેળવી પ્રમાણપત્રો આપવાની કાર્યવાહી કરવા માટે,આપના કાર્ય વિસ્તારની શાળાઓને પરીપત્ર કરી)

- તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ....

(.દરખાસ્તો મેળવી પ્રમાણપત્રો આપવાની કાર્યવાહી કરવા માટે,આપના કાર્ય વિસ્તારની શાળાઓને પરીપત્ર કરી)

Scanned with OKEN Scanner

પરિશિષ્ટ.૧

## ગુજરાત રાજય

| ફોટો |
|---|

### સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે
### જાતિ પ્રમાણપત્ર મેળવવા અંગેનું અરજી ફોર્મ

સરકારશ્રીએ જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ પૈકી.............................. જાતિમાં મારો સમાવેશ થાય છે. મારે રાજ્ય સરકારે જાહેર કરેલ અનામત નીતિનો તેમજ મળવાપાત્ર અન્ય સહાય/લાભ મેળવવા માટે જાતિ પ્રમાણપત્રની જરૂર છે. મારી વિગતો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું પૂરું નામ/સરનામું,<br>ટેલિફોન (કોડનંબર સાથે)/મોબાઇલ નંબર | : | |
| ૨ | અરજદારના પિતા/વાલીનું પુરૂ નામ | : | |
| ૩ | અરજદારની માતાનું પુરૂ નામ | : | |
| ૪ | અરજદારની જાતિ / પેટા જાતિ | : | |
| ૫ | અરજદારનુ વતન ગામ.....................<br>તા............ જિ............ રાજય. ........... | : | |
| ૬ | અરજદારના પિતાનું જન્મ સ્થળ / અને મૂળ વતન ............ તાલુકોઃ-<br>જિલ્લોઃ- રાજય............. | : | |
| ૭ | બહારના રાજયના હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો (મૂળ વતનનું રાજ્ય અને ગુજરાતમાં કેટલા વર્ષથી વસવાટ છે.) | : | |
| ૮ | અરજદારના પિતાની જાતિ / પેટા જાતિ અંગેની માહિતી | : | |
| ૯ | જાતિ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ | : | |
| ૧૦ | જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજૂ કરેલા આધાર/પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત<br>(૧)<br>(૨)<br>(૩)<br>(૪) | : | |



Scanned with OKEN Scanner

## <u>બાંહેધરી</u>

મારી ઉપર મુજબની તમામ વિગતો સાચી છે તેની હું ખાત્રી આપું છું. જે ધ્યાને લઇ મને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી.અમોએ મેળવેલ જાતિપ્રમાણપત્ર અધિકૃત અધિકારી દ્વારા કોઇપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારો પ્રવેશ/ નિમણૂંક કોઇ પણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટિસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે. અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર/ વિગતો રજૂ કરવા બદલને જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

સ્થળ:- ..............................     અરજદારની પુરી સહી:-

(નામ)..............................

તારીખ:-..............................     પિતા/માતા/વાલીની પુરી સહી:-

(નામ)..............................

<u>જાતિ પ્રમાણપત્ર મેળવવા રજૂ કરવાના થતા પુરાવા</u>:-

૧. અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર. સક્ષમ અધિકારીને જરૂર જણાય ત્યાં દાદા, પિતા, કાકા, ફોઇ પૈકી કોઇ એકનો જાતિ પુરવાર થાય તેવો દસ્તાવેજ માંગી શકશે.

૨. વિવાદસ્પદ/શંકાસ્પદ કિસ્સામાં સક્ષમ અધિકારીને જરૂર જણાયતો જાતિ પુરવાર કરવા માટે તા.૧/૪/૧૯૭૮ પહેલાના આધારભૂત પુરાવા રજુ કરવાના રહેશે.

3. અન્ય રાજયમાંથી સ્થળાંતરિત ઉમેદવારના કિસ્સામાં તા.૧/૪/૧૯૭૮ કે તે પહેલાંથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકર્ડ આધારિત પુરાવા રજૂ કરવાના રહેશે.

૪. <u>રહેઠાણના પુરાવા</u>:- રહેઠાણના પુરાવા તરીકે લાઇટ બીલ, ટેલિફોન બીલ, રેશનકાર્ડ, ઘરવેરા બીલ, ચૂંટણી ઓળખકાર્ડ વગેરે આધારભૂત પૈકી કોઇપણ એકની નકલ.

ખાસ નોંધ:-

**૧ અરજદારને ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે પાસપોર્ટ સાઇઝના બે ફોટા સાથે સ્વયં આવવાનું રહેશે.**

<u>ફકત કચેરી ઉપયોગ સારૂ</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્રના અરજદારનું પુરૂં નામ | : | |
| ૨ | જાતિ/પેટા જાતિ | : | |
| 3 | પ્રમાણપત્ર આપેલ હોયતો નંબર/ તારીખ | : | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટૂંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર/તારીખ | : | |

**તૈયાર કરનાર કર્મચારીનું પુરૂ નામ/પુરીસહી**     **સક્ષમ અધિકારીનું પુરૂ નામ અને હોદો અધિકારીની સહી અને સિક્કો**

12





Scanned with OKEN Scanner

સામાજીક અને શૈક્ષણીક રીતે પછાતવર્ગનું (SEBC) નું જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે અરજી સાથે જોડવાના દસ્તાવેજી પુરાવાઓની યાદી

---

૧. વિદ્યાર્થીના વયપત્રકનો ઉતારો અસલમાં

૨. <u>વિદ્યાર્થીના પિતાજાતિનો જે ).ફોઇ કોઇ પણ એકના શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ/કાકા/</u> (વર્ષમાં સમાવેશ થયો હોઇ તે પહેલાનો આધાર

૩. જાતિ સ્પષ્ટ ન થતી હોય ત્યાં વિદ્યાર્થીના દાદા/કાકા/ફોઈના શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ સાથે પેઢીનામુ અસલ (તલાટી દ્વારા તૈયાર કરેલ રજૂ કરવુ)

૪. વિદ્યાર્થી અને તેના પિતાના નામમાંકોઇ ફેરફાર હોય ત્યાં સરકારી ગેઝેટની નકલ અથવા ,અટકમાં. .જાતિમાં કે જાતિના શબ્દોમાં ફેરફાર હોયતો સોગંદનામામાં ઉલ્લેખ કરવો ,સોગંદનામું

૫. જાતિ પુરવાર થઇ શકે તેવો કોઇ સાચો સહજ દસ્તાવેજી પુરાવો અથવા પ્રોબેટીવ વેલ્યુ **(Probative Value)** ધરવતાં અન્ય કોઇ પુરાવા.

૬. વિવાદસ્પદ ૭૮ પહેલાના /૪/૧.શંકાસ્પદ કિસ્સામાં જરૂર જણાય તો જાતિ પુરવાર કરવા માટે તા / .આધારભૂત પુરાવા સક્ષમ અધિકારી માંગે તો રજુ કરવાના રહેશે

૭. અન્ય રાજયમાંથી સ્થળાંતરીત થયેલ ઉમેદવારના કિસ્સામાં તા૭૮ કે તે પહેલાથી ગુજરાત /૪/૧. .રાજયમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકર્ડ આધારીત પુરાવા રજુ કરવાના રહેશે

૮. રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડઘરવેરા બીલ પૈકી કોઇ ,ટેલીફોનબીલ / છેલ્લું લાઇટબીલ.ચુંટણીકાર્ડ. .એક અથવા વધુ પુરાવાઓ

૯. **પાસપોર્ટ સાઇઝના બે ફોટોગ્રાફસ એક ફોટો ગમથી અરજી ઉપર ચોંટાડવો) બીજો ફોટા પાછળ વિધાર્થી અને શાળાનું નામ લખી સ્ટેપ્લરપીન મારી અરજી સાથે જોડવો (.**

૧૦. વિદ્યાર્થીના પિતાકાકા વગેરેના અસલ પ્રમાણપત્રો અસલ દસ્તાવેજી પુરાવાઓ શાળાએ વિદ્યાર્થી ,દાદા, પાસેથી મેળવી શાળાએ વેરીફાઇ કરવાના રહેશેઅસલ ડોકયુમેન્ટ તુરત જ વિદ્યાર્થીને પરત આપી . .દેવાના રહેશે

૧૧. સંબંધિત શાળાના આચાર્યશ્રી અરજી સાથે જોડેલ તમામ ઝેરોક્ષ નકલો પ્રમાણિત કરવી.

૧૨. શકય હોય તો ધો.૧૦ ના વિદ્યાર્થીઓએ ધો.૭ ના અંતે મળેલ શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ જોડવી .

૧૩. <u>રાજગોર જાતિ માટે અન્ય પછાત વર્ગના પંચનો સર્વે અંગેનો દાખલો વિધાર્થીના નામનો ફરજીયાત જોડવાનો રહેશે.</u>

૧૪. જાતિના દાખલાની અરજી કરતી વખતે અરજદાર, અરજદારના પિતા તથા કાકા,દાદા,ફોઈનું ઓરીજીનલ એલ.સી. રજુ કરવુ.

E:\old e drive\desk top files2015\Offices\Varshaben\જાતિ પ્રમાણપત્ર પરિપત્ર ૨૬-૨૭.docx

Scanned with OKEN Scanner

# શાળાના વયપત્રકને આધારે ઉતારો

જા.નં.

તારીખ :

.નં.આર.વિદ્યાર્થીનો જી

શાળાનું નામ :

૧. વિદ્યાર્થીનું પુરૂ નામ :

.૨ ધર્મ જાતિ અને પેટા જાતિ / :

૩. જન્મ સ્થળ,રાજય,જિલ્લો ,તાલુકો , :

૪. ઈસ્વીસન પ્રમાણે જન્મ તારીખ :

)અક્ષરમાં અને આંકડામાં(

ધોરણ :

૫. શાળામાં દાખલ થયા તારીખ :

૬. હાલ કયા ધોરણમાં અભ્યાસ :

.કરે છે

૭. છેલ્લે કઇ શાળામાં ભણ્યા :

૮. સદરહું શાળા તરફથી મળેલ એલ માં.સી.

કઇ જાતિ પેટાજાતિ લખેલ છે . :

ઉકત વિગતો મેં શાળાના રેકર્ડ સાથે જાતે ખરાઇ કરેલ છે.

રાઉન્ડ સીલ

----------------------------

આચાર્યશ્રીનુ પુરૂ નામ સહી તથા

સિકકો



Scanned with OKEN Scanner